# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

દૂધ શું? માટી ય ધોળી હોય છે.
ગોળ પણ ક્યારેક ગોળી હોય છે.

એટલે તો રાતભર ખૂટે નહીં.
સ્વપ્નની સંગીન ટોળી હોય છે.

એજ રસ્તે તારલા આગળ વધે.
ચાંદની ત્યાં ખૂબ ઢોળી હોય છે.

મધમીઠી વાતો ગમે મનને હરે.
જીભને મધમાં ઝબોળી હોય છે.

ડો.રમેશ ભટ્ટ' રશ્મિ'

## પાથેય

- રમેશ ઠક્કર

### સમણાંની સળવળતી જાત !

જાગીને જોઉં તો જગત દીસે નહીં એવું નરસિંહ મહેતાએ કહ્યું છે..આ જાગવું એ સ્થુળ અર્થમાં જાગવું એવું નથી.જગતમાં મોહ અને માયાનું જે આવરણ છે એની ઝાકમઝોળમાં આપણે સાચું દર્શન કરી શકતા નથી..એ રીતે જોઇએ તો આપણું જીવવું એક નિંદ્રા જેવું બની રહે છે.કોઈક ઠોકર વાગે કે આપણો અંતરાત્મા કોઈ ઘટનાથી જાગી જાય ત્યારે આપણે જેને જગત માનીએ છીએ એ જગત નજર સામેથી ગાયબ થઈ ગયેલું હોય છે..અને એક નવા જ જગતનાં દર્શન આપણને થાય છે.આપણે ખાલી દૂધને જ સફેદ માનતા હોઈએ છીએ..હકિકતમાં આંખનાં પડળ ખુલી જાય ત્યારે માટીનો કલર પણ દૂધ જેવો જોવા મળતો હોય છે..અને ગોળ એ પણ નાનકડી ગોળી જેવા આકારમાં અનુભવાય છે !

માણસનું જીવતર ખૂટી જાય..આશાનો તંતુ કદાચ તૂટી જાય પરંતું એનાં સમણાંનો કારોબાર અવિરત ચાલતો રહે છે.સ્વપ્ન અને દિવા સ્વપ્નની જુગલબંધી એને ધબકતો રાખે છે. આપણે જેને અંગત માન્યા હોય એવા મિત્રો કે આપ્તજનોની સંગત કઠીન સંજોગોમાં છૂટી જાય. પરંતું આપણે જોયેલાં સપનાંની ટોળી સંગીન હોય છે..અને એ જયાં સુધી સંગીન હોય ત્યાં માણસ ગમગીન હોતો નથી !

રાતનો વૈભવ એ આકાશની અસીમતા હોય તો પણ એમાં ચમકતા તારલા વગર એ પૂર્ણ બની શકતો નથી.ચાંદની રાતે ચોતરફ ફેલાઈ જતી કે વેરાઈ જતી ચાંદની એક અનુપમ રાહ પાથરે છે. એ રસ્તે જ આગળ વધતા તારલા એ કોઇપણ મુગ્ધ કવિ માટે વિસ્મય બની જાય છે.જે રસ્તે તારલા આગળ વધતા રહે છે એ માર્ગ ઉપર ચાંદની જાણે છુટ્ટા હાથે વેરાતી જાય છે !

કહેવાય છે કે મીઠા બોલ સહુ કોઇને ગમે..ઇશ્વરે દરેકને એકસરખી જીભ આપી છે. જે રીતે કોઈ વાજિંત્રમાંથી સૂર પ્રગટાવવા માટેની સાધના કરવી પડે છે એમ જ એકસરખી લાગતી જીભના પણ અલગઅલગ અંદાજ હોય છે..એક માણસ બોલે તો મધમીઠા કોઇ ફળ જેવું લાગે..અને કોઇ કર્કશ કે કડવી વાણી અકારણ અણગમા તરફ દોરી જાય..મધુર વાતો માણસના મનને હરી લે છે..અને આ રીતે જીતેલા સંબંધોમાં એકપણ પક્ષે પરાજય અનુભવાતો નથી !મીઠી વાણી હંમેશાં મીઠા માનવ સંબંધોને જન્મ આપે છે..એકબીજાનો આદર કરી મીઠી જબાનમાં વાતો કરતા માણસ જાણે પોતાની જીભને મધમાં ઝબોળીને વાત કરતા હોય એવું લાગે છે.! આમ જોઇએ તો જીવન આવી સીધીસાદી વાતો ઉપર જ આસાનીથી વહેતું રહે છે.આપણે છ એને ભેદભરમ જેવા અનુમાન કે આવરણો થકી ભારેખમ બનાવતા રહીએ છીએ..

# જેપીની ખોટ વર્તાય છે

તંત્રીસ્થાનેથી...

વિસરાઈ ગયેલા લોકનાયક જયપ્રકાશ નારાયણના જન્મ દિવસે બિહારના મહત્ત્વાકાંક્ષી મુખ્યમંત્રીએ જયપ્રકાશ સાથેના અંગત સંબંધને સંભારીને એમના રાષ્ટ્રીય રાજકારણના રોલમોડેલ તરીકે એ મહાન બિહારી નેતાનું પુણ્ય સ્મરણ કર્યુ. 'જેપી' ના હુલામણા નામે ઓળખાતા જયપ્રકાશ નારાયણ કોઈ એક તબક્કે નહેરુની લગોલગ દેશના વડાપ્રધાન તરીકે શોભી શકે એવી પ્રતિભાશાળી હસ્તી ગણાતા હતા. એમણે અને રામમનોહર લોહિયાએ સમાજવાદી વિચારધારા ધરાવતો અલગ ચોકો માંડ્યો અને સત્તાલક્ષી રાજકારણને નવા ગજથી નમસ્કાર કરીને પક્ષવિહીન લોકતંત્રની સંકલ્પના રજૂ કરી હતી. જેપી પ્રખર ગાંધીવાદી જ રહ્યા અને એમની રાજકીય ક્ષેત્રે ઊભી થયેલી ઉમદા પ્રતિભાને કારણે ઈંદિરા ગાંધીના શાસનકાળમાં દેશ પર કટોકટી લાદવામાં આવી ત્યારે એમના નેતૃત્વ હેઠળ જ વિવિધ રાજકીય પરિબળોએ એક મંચ પર આવીને બિહારના જ વતની રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર'ની યાદગાર કવિતા લલકારી હતી : 'સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હે !' જેપીને ઈંદિરા ગાંધીની સરકારે કટોકટી દરમિયાન જેલમાં પૂર્યા હતા. આંદોલન દરમિયાન અનેક યાતનાઓ અને જેલવાસ દરમિયાન કહેવાતું 'સ્લો પોઈઝન' આપી જેપીના અવાજને હંમેશને માટે શાંત કરી દેવાયો પણ એમને પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતા પક્ષો અને રાજકીય ક્ષેત્રના મહારથીઓને 'ઈંદિરા હટાવો'નો આદેશ કરીને ઊભી કરેલી 'જનતા પાર્ટી' (જુઓ - 'જેપી' એટલે જયપ્રકાશ, એ જ રીતે જે જે રાજકીય પાર્ટી પક્ષ રચાયો એનું મિતાક્ષરી નામ પણ 'જેપી' - જનતા પાર્ટી!) જયપ્રકાશના મનોરથ અધૂરા જ રહ્યા. ઈંદિરા ગાંધીએ પ્રજા પર ભુરકી છાંટીને ડુંગળીનાં છોતરાં જુદાં થઈ જશે એવી આગાહી સાચી ઠેરવી. ત્રણ 'બૂઢિયા' - મોરારજી, ચરણસિંહ અને જગજીવનરામ વચ્ચે સુમેળ ન રહ્યો. આખરે અઢી વર્ષમાં જ ઈંદિરા ગાંધી રંગેચંગે દિલ્હીના મયૂરાસન પર આરુઢ થઈ ગયા અને મર્યા ત્યાં સુધી સત્તા પર ટકી રહ્યાં. નીતીશકુમારને જેપીના ચૌદ વિશ્વાસુ યુવાનો પૈકીના એક ગણવામાં આવતા હતા. એમ તો લાલુપ્રસાદ યાદવ પણ જેપી આંદોલનનું જ ફરજંદ છે. રામવિલાસ પાસવાણ પણ જેપી આંદોલનમાંથી જ પ્રગટ્યા હતા. કોંગ્રેસને જડમૂળથી ઉખાડી નાખનાર જેપી આંદોલનમાંથી ફૂટેલા ફણગા ઉત્તરભારતમાં કયાંક જનતાદળ (યુ) સ્વરુપે તો કયાંક મૂળ જનતા પાર્ટી રુપે અને સવિશેષ સમાજવાદી પાર્ટી તરીકે મહોર્યા છે. શરદ યાદવ અને જયોર્જ ફર્નાન્ડીસનું રાજકારણ સમય સાથે પૂરું થઈ ગયું. જેપીના આદર્શો પર ચાલનારા ચંદ્રશેખર લાંબો સમય વડાપ્રધાન પર પર ટકી ન શક્યા, 'ભારતીય જનતા પાર્ટી' એ મૂળ મૂળ જેપી બ્રાન્ડ 'જનતા પાર્ટી'નો વિસ્તાર નથી. એ તો જેપીના વિચારોથી વિરુદ્ધ હિંદુત્વનું રાજકારણ કરનાર આરએસએસનું પોલિટિકલ ફરજંદ છે. નીતીશકુમાર હવે એની સાથે જોડાયા બદલ પસ્તાઈ રહ્યા છે. હવે એ જેપીને યાદ કરે છે અને 'બાપુ'ની હત્યા કોણે કરાવી?' એવા પ્રશ્નો કરે છે. ભારતીય જનતા પાર્ટી પ્રજાજનોને વહેંચે છે - હિંદુ - મુસલમાન - ખ્રિસ્તી વચ્ચે ભેદભાવ ઊભો કરાવી ધર્મનું રાજકારણ રમી વોટોનુ ધ્રુવીકરણ કરીને સત્તા પર ટકી રહે છે, એવું બ્રહ્મજ્ઞાન નીતીશકુમારને મોડે મોડે જેપીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે સૂઝ્યું છે. નાગાલેન્ડમાં જઈ એ જેપીને ત્રણ વર્ષ રહીને જે રીતે પ્રજાનાં દિલ જીતેલાં એનું સ્મરણ કરાવે છે. નીતીશકુમારને હવે બિહાર નાનું પડે છે. એમને રાષ્ટ્રીય રાજકારણમાં કોન્સેસર કેન્ડિડેટ તરીકે ઊપસવાના અભરખા ઉપડ્યા છે. જો કે ખુદ એમણે જ પાળી પોષીને મોટો કરેલો પ્રશાંત કિશોર જ એમના અરમાનો પર પાણી ફેરવવા કૃતસંકલ્પ બની બિહારમાં પદયાત્રા કરી રહ્યો છે. સો સવાલોનો સવાલ તો એ છે કે શું નીતીશકુમારનું નેતૃત્વ સ્વીકારવા વિપક્ષી જમાત એક મંચ પર આવી શકશે ? એવી ફોર્મ્યુલા આપવાનું ગજું ધરાવતા નવા 'જેપી' કયાં છે ?

# ગણેશ અને ગંગા

શરદપૂનમનું મહત્ત્વ આ રીતે પણ છે. આ દિવસ આદિકવિ મહર્ષિ વાલ્મિકીની જન્મજયંતિનો છે. આ દિવસે એમણે શ્રદ્ધાસભર પ્રણામ. એમની પ્રસિદ્ધિ એમના મહાકાવ્ય 'રામાયણ'થી તો હોય જ. પરંતુ એમણે સ્તુતિ કાવ્ય પણ રચ્યાં છે; એમની નોંધ લેવાની થાય છે.

એમનાં રચેલા બે સ્તુતિકાવ્યો છે ; સ્તોત્ર છે : - (૧) વિદ્યાવારિધિ ગણેશ અષ્ટક : -





ગણપતિ વિદ્યાવારિધિ છે. આ સ્તોત્રમાં આઠ શ્લોક છે. નવમો શ્લોક ફળફાઠનો છે. કવિ હોય, વિદ્યાર્થી હોય, કે અધ્યાપક - સૌ કોઈને માટે આનો સ્તુતિપાઠ ઉપયોગી છે. સારાંશ આ પ્રમાણે છે.

હે ગણેશ! આર કવિ છો. કવિઓની બુદ્ધિને પ્રેરણા આપનારા છો. આપ ચૌંસઠ કરોડ વિદ્યાઓને આપનારા છો; દેવોના ગુરુ બૃહસ્પતિને પણ આપે વિદ્યાનું દાન કર્યુ છે. અમારાં વિઘ્નો ભલે ને ગમે એટલાં મોટા હોય. આપ એને દૂર કરી આપો છો. આપનું જમણી બાજુએ વળેલી સૂંઢ વાળું સ્વરુપ કલ્યાણકારી વિદ્યાને આપનારું છે. આપ, આદ્યપુરુષ છો. આપ જે કાંઈ આપો, તે શ્રેષ્ઠ જ હોય છે. આપે બ્રહ્માને ત્રણ વેદ આપ્યા છે. મહાન વિષ્ણુને યોગ આપ્યો છે, શિવજીને આગમો આપ્યા છે. સૂર્યને રહસ્યવિદ્યા આપી છે. આપે સત્યવતી - પુત્ર વ્યાસને પુરાણ રચવાની પ્રેરણા આપી, એમાં આપની મહત્તાનું નિરુપણ છે. આપે આપના સત્ત્વથી અનેક અનિષ્ટો દૂર કર્યા છે. આ પૃથ્વી આનંદલોક છે. અહીં રહેવું, આપને ગમે છે. આપે અનેકની જિંદગીને તારી છે.

જો કોઈ ત્રણ સંધ્યાને સમયે, ગણેશને મનમાં રાખીને, આ અષ્ટકનો ભક્તિભાવ સાથે પાઠ કરે, તો એને ગણેશજીની કૃપાથી, એકદમ અદ્ભૂત કવિત્વ શક્તિ પ્રાપ્ત થાય છે, સુંદર વાકયાર્થની પ્રાપ્તિ થાય છે અને જીવનના અંતે મુક્તિ પ્રાપ્ત થાય છે.




(૨) ગંગાષ્ટક :

અહીં ભગવતી ગંગાની સ્તુતિ છે. આમાં આઠ શ્લોક છે. નવમો શ્લોકમાં ફળપાઠ છે. સારાંશ આ પ્રમાણે છે

હે માં ભગવતી ભાગીરથી! મારી તો તને વિનંતી છે - હું તારા કિનારે રહું. તારું જળ સ્વીકારતો રહું, તારી લહરીઓનું દર્શન કરતો રહું, તારું નામ સ્મરણ કરતો રહું, અને આ રીતે મારા દેહનું પતન થાય. તારે કિનારે ઊગેલા વૃક્ષ ઉપર પક્ષી થઈને રહેવું સારું, તારા જળમાં માછળું થઈને રહેવું સારું - પરંતુ તારાથી દૂર થઈને સમ્રાટ થવું પણ સારું નહીં. મારા મૃત્યુ પછી પણ મારો મૃતદેહ તારા પ્રવાહમાં વહેતો રહે. તારો આ જળપ્રવાહ પરમ પવિત્ર છે. શ્રી હરિનાં ચરણોથી પ્રગટ્યો છે, શિવજીના મસ્તકે બિરાજે છે. આ જળપ્રવાહ મને પવિત્ર કરતો રહે. આ પ્રમવાહે તો શ્રીવિષ્ણુનાં ચરણોને પખાળ્યા છે.

આ ગંગાષ્ટક વાલ્મિકીએ રચેલું છે. મનુષ્યને માટે મંગલકારી છે. જો કોઈ પ્રાતઃકાળે એકાગ્ર ચિત્તે આનો પાઠ કરે ; તો એના સમગ્ર આયુષ્યોના પાપનો કીચડ ધોવાઈ જાય છે. એ સંસાર સાગરને સુખેથી પાર કરી જાય છે. જીવનને અંતે મોક્ષને પામે છે અને પછી એને પુર્નજન્મ રહેતો નથી.

# જાણીતા 'કલાસિકલ વોકલીસ્ટ' પંડિત નીરજ પરીખનો કંઠ, પૂ. બાપુનાં પ્રિય ભજનો અને વહેલી સવારનો સમો : તા. ૨ ઓકટોબરે કલાગુર્જરી યોજીત 'ગાંધીવંદના'માં શબ્દ-સૂર-સ્વરને ભાવનો અનેરો સંગમ સર્જાયો

ઉગતા રવિનાં કુમળાં કિરણો હજી તો ધરતી પર પથરાઈ રહ્યાં હોય. તેવી વહેલી સવારે, નગરના ટાઉનહોલના પ્રાંગણમાં હળવા સંગીત સાથે ભજનની મીઠી હલક સંભળાય તો નક્કી એ બીજી ઓકટોબર ગાંધી જયંતિનો પાવન દિન હોય અને કલાગુર્જરી, ગાંધીનગર આયોજિત 'ગાંધી વંદના' નો સુંદર કાર્યક્રમ જ હોય...

છેલ્લા ૧૬ વર્ષથી કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા દર બે ઓકટોબરે, ગાંધીજીની પ્રાતઃકાલીન પ્રાર્થના સભાના સમયે જ સવારે ૬.૩૦ વાગ્યે સાતત્યપૂર્ણ રીતે યોજાયો 'ગાંધી વંદના'નો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...' આ બે ઓકટોબર - રવિવારે સૌએ માણ્યો અને પૂ. ગાંધી બાપુને ગમતાં ભજનો સાથે રાષ્ટ્રપિતાની વાતો સ્મરણમાં લાવી એમને ભાવાંજલિ અર્પી.

'જે પીડ પરાઈ જાણે રે.... ' કલા ગુર્જરીનો આઈ કોનિક પ્રોગ્રામ છે તો 'ગાંધી વંદના' માટે ગુજરાતના જાણીતા ગાયક કલાકારોને નિમંત્રણવાની એની સહાહનીય પ્રણાલિ પણ રહી છે... આ ૨જી ઓકટોબરનો કાર્યક્રમ એટલા માટે વિશેષ બન્યો કેમ કે ભજનો ગાઈને 'ગાંધી વંદના' કરવા કલાગુર્જરી, ગાંધીનગરે નિમંત્ર્યા હતા. વિખ્યાત કલાસિકલ વોકલિસ્ટ - શાસ્ત્રીય ગાયક પંડિત નીરજ પરીખને... આદરણીય નીરજભાઈ પરીખ એટલે ગુજરાતના અતિ ખ્યાતનામ શાસ્ત્રીય સંગીતજ્ઞ માનનીય કૃષ્ણકાન્ત પરીખના સુપુત્ર અને પંડિત જશરાજજીના પરિ શિલ્પ.

પંડિત નીરજ પરીખ પાસેથી 'આશ્રમ ભજનાવલિ' નાં પદો સાંભળવાં એ એક લહાવો એટલે બની રહ્યો કે એમણે બધાં પદો એની ખૂબ બંદીશોમાં પ્રસ્તુત કર્યા, ગાવાની તાલીમ ગાંધીજીની પ્રાર્થના સભામાં ગાનારાં મથુરીબેન ખરે પાસેથી મેળવવાનું સૌભાગ્ય નીરજભાઈને મળ્યું હતું.

ખુલ્લું પ્રાકૃતિક વાતાવરણ હોય, વહેલી સવારની નિરવ શાંતિ હોય, આશ્રમ ભજનાવલિનાં ભજનો હોય, અતિ કેળવાયેલા ને સંગીતજ્ઞ સ્વરકાર - નીવડેલા શાસ્ત્રીય ગાયકનો ઘૂંટાયેલો મીઠો કંઠ હોય અને પૂ. બાપુની વંદનાનુંન નિમિત્ત હોય પછી ઉપસ્થિત સૌ ગાંધીજનો ભાવવિભોર ન બની જાય તો જ નવાઈ !




પંડિત નીરજ પરીખે ખૂબ ભાવપૂર્વક 'કલાસિકલ ટચ' સાથે પ્રસ્તુત કરેલાં ભજનો 'અખિયાં હરિદર્શન કો પ્યાસી, દેખ્યો આહત કમલ નૈનકો નિસદિન રહત ઉદાસી...' 'સબસે ઊંચી પ્રેમસગાઈ...' તથા 'પાયોજી મૈંને રામરતન ધન પાયો, હોય કે પછી 'નામ જપન કયોં છોડ દિયા, ક્રોધ ના છોડ દિયા, જૂઠ ના છોડા, સત્યવચન કયોં છોડ દિયા...'' હોય, ગાંધીજીને ગમતાં પ્રેમ - કરુણા - સત્યનો સંદેશો પ્રસારતાં પદો એના ભાવ - શબ્દો - સૂર ને સ્વરના ત્રિવેણી સંગમથી સૌ શ્રોતાઓ - ભાવકોનાં હૃદયને સીધાં સ્પર્શી જતાં હતા...

તંબુરાના તારે ને મંજીરાના તાલે ગવાયેલ' 'નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે.... મનસા, વાચા કર્ણા કરીને લક્ષ્મીવરને ભજીએ રે....' ભજન રજૂ કરીને, પંડિત નીરજજીનાં સાથી કલાકાર સુશ્રી અમીબેન પરીખે પણ ખૂબ સુંદર 'માહૌલ' બનાવી દીધો હતો... 'આશ્રમ ભજનાવલિ' માંથી, ગવાયેલાં આદ્ય કવિ નરસિંહ મહેતાની અધ્યાત્મની ઊંચાઈ ભરી રચનાઓ 'અખિલ બ્રહ્માંડમાં એક તું ભી હરિ....' તેમ જ 'જયાં લગી આતમ-તત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી' વિના,ની પ્રસ્તુતિ એટલી સુંદર હતી કે થાય કે સાંભળ્યા જ કરીએ....




'જે પીડ પરાઈ જાણે રે....' માં સ્વર પરાઈ જાણે રે....' માં સ્વર સમ્રાટ પંડિત નીરજ પરીખ અને સુશ્રી અમીબેન પરીખે ગાયેલાં અન્ય પદોમાં, 'ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહાં જો સોવત હૈ,' 'મો સમ કૌન કુટિલ ખલ કામી!' નરસિંહ મહેતાનું મનનીય પદ 'જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઊંઘમાં ચટપટા ભોગ ભાસે....'

અને 'પ્રભુજી મોરે અવગુણ ચિત્ત ના ધરો', 'અબ મૈં નાચ્યો બહુત ગોપાલ....' 'યહ વિનતી રઘુવીર ગુસાઈ' સાથે પ્રસ્તુત થયેલ 'શ્રી રામચંદ્ર કૃપાલુ ભજુમન હરણભવ ભય દારુણમ્....' તેમ જ 'હે ગોવિંદ, હે ગોપાલ, હે ગોવિંદ રાખો શરણ.... અબ તો જીવન હારે....' અને અંતિમ ચરણમાં પ્રસ્તુત થયેલું પૂ. બાપુનું પ્રિય ભજન, 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ....જે પીડ પરાઈ જાણે રે....' એ સમગ્ર 'ગાંધી વંદના' ની પ્રાર્થના સભાને ભક્તિમય બનાવી એમાં સૌને રસતરબોળ કરી દીધાં હતાં.... એ માટે પંડિત નીરજભાઈ પરીખ તથા અમીબેન પરીખને ખૂબ ખૂબ અભિનંદન....

ભજનગાનના પ્રારંભે 'કલાગુર્જરી' ના માન. શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કાર્યક્રમની પૂર્વ ભૂમિકામાં ગાંધીજી વિશે, એમનાં અગિયાર વ્રતો વિશે વાત કરતા સાચું જ કહેલું કે એમાંથી એકાદ વ્રત આપણે આચરણમાં મૂકી શકીએ તો એ જ સાચી 'ગાંધી વંદના' હશે.

તો ગાંધી બાપુના જીવનની જાણીતી - અજાણી વાતો તથા વિશ્વના મહાનુભાવોએ પૂ. બાપુને સન્માનતાં કરેલાં વિધાનો રજૂ કહીને, કોલમીસ્ટ અને અનુભવી ઉદઘોષક મનોજભાઈ શુક્લએ કાર્યક્રમનું સુપેરે સંચાલન કરી એને સતત જીવંત બનાવ્યો તે માટે એમને પણ અભિનંદન.

'ગાંધી વંદના' માટે જહેમત ઉઠાવનાર કલાગુર્જરીના સર્વશ્રી એન.પી. પટેલ, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, અને સલીલ મહેતાને પણ ધન્યવાદ.

# "માત્ર ખુન્નસભર્યા દેશપ્રેમી નહિં, એક પ્રબુદ્ધ વિચારક એટલે ભગતસિંહ"

૨૩મી માર્ચ, ૧૯૩૧ ના દિવસે લાહોરમાં ભગતસિંહની સાથે સુખદેવ અને રાજગુરૂ ઉન્નત મસ્તકે ફાંસીના માચડે લટકી ગયેલાં. ભારતની આઝાદીની વાત નીકળે અને શહિદ ભગતસિંહ યાદ ન આવે એવું તો કેમ બને? પરંતુ શહિદ ભગતસિંહ અને તેમના જીવનમાં બનેલી મુખ્ય ઘટનાઓ સિવાય શહિદ ભગતસિંહના અલ્પ જીવનમાં તેમણે કરેલા વાંચન, મંથન અને તેમાંથી ઘડાયેલી તેમની અનુભૂતિઓ અંગે આપણે કદી વિચાર્યુ નથી, કે નથી તે અંગે જાણવા પ્રયાસ કર્યો. હા, ભારતના સ્વાતંત્ર્ય બાદ બિલાડીના ટોપની માફક ફૂટી નિકળેલા ડાબેરીઓ, નાસ્તિકવાદના ઠેકેદારો, અંગ્રેજોની વિચારધારાને જીવતી રાખવા હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિ પર હૂમલા કરવા માટે ભગતસિંહના નાસ્તિક હોવાના મૂદ્દાને હથીયારની માફક ઉપયોગ કરવા લાગેલા. કમનસીબે આ દલીલ આજે પણ એ લોકો અન્યોને હરાવવા માટે ઉપયોગમાં લઈ રહ્યા છે. પરંતુ શહિદ ભગતસિંહ શા માટે નાસ્તિક હતા એ તરફ કોઈએ ખાસ લક્ષ્ય આપ્યું નથી. તો ચાલો ફાંસીના માચડે ચડતા પહેલાં ભગતસિંહે લખેલા પત્રોમાંના થોડા અંશોના માધ્યમથી ભગતસિંહના નાસ્તિક હોવાના મૂળ સુધી જઈએ.

ભગતસિંહને ફાંસી જાહેર થઈ તેના થોડા જ દિવસો પહેલા લખેલા એક પત્રમાં તેઓ લખે છે કે "મને ખ્યાલ છે કે ચૂકાદો શું આવવાનો છે, એક અઠવાડિયામાં જ જાહેર થશે. મારા જીવનનું બલિદાન આપવાનો છું એ મુદ્દા સિવાય બીજુ આશ્વાસન છે ખરુ કોઈ ? ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતો હિન્દુને કદાચ બીજા જન્મમાં કોઈ રાજા બનીને જન્મશે એવી અપેક્ષા હોઈ શકે, કોઈ મુસ્લિમ અથવા ખ્રીસ્તીને પોતાની પીડાઓ અને બલિદાનોના બદલામાં જન્નતમાં મળવાના એશો-આરામના સ્વપના આવતા હોય એમ પણ બને. પણ મારે શેની અપેક્ષા રાખવી ? મને એ વાતની પ્રતીતિ છે કે જે ક્ષણે મારી ગરદન પર ફંદો કસાશે અને પગ નીચેથી પાટિયું ખસી જશે, એ ક્ષણ અને માત્ર એ ક્ષણ જ મારા માટે તો અંતિમ ક્ષણ હશે. હું, અથવા તો વધુ ચોક્કસ પણે કહું તો આધ્યાત્મિક અર્થમાં મારા આત્માનો ત્યાં અંત આવી જશે. આગળ કશું જ નહિં, વાત પૂરી. ભવ્યતા વગરના આવા અંત વાળી સંઘર્ષયુક્ત અલ્પ જીંદગી એ જ મારો પારિતોષિક બની રહેશે." જીવનને રંગ-બેરંગી જોવાના રોમેન્ટીસિઝમને બદલે માત્ર ૨૩ વર્ષની ઉંમરે પોતાની વિચારધારાને વફાદાર આ યુવાન માત્ર એક ઝનૂનના સહારે જીવનની કુરબાની નથી આપતો.

ભાવિમાં ઝળુંબી રહેલા મૃત્યુના આભાસ છતાં ભગતસિંહ કહે છે " મને ખબર છે કે આજની સ્થિતિમાં મને જો ઈશ્વરમાં આસ્થા હોત તો મારું જીવન કઈંક અંશે સહ્ય બન્યુ હોત, મારો અપરાધભાવ થોડો હળવો થયો હોત. પરંતુ મારામાં રહેલો તેનાપરના વિશ્વાસના અભાવને કારણે બધું શુષ્ક બની ગયું છે, અને પરિસ્થિતિ વરવી બની બેઠી હોય એમ લાગે છે. મને લાગે છે કે મારા જીવનમાં અગમ પ્રત્યે થોડી પણ રુચિ હોત તો કદાચ જીવન થોડું કાવ્યાત્મક બન્યુ હોત. પરંતુ મારે મોતનો સામનો કરવા માટે આવા નશાની જરૂર નથી, હા હું વાસ્તવવાદી છું." ૨૩ વર્ષના આ છોકરડાની અંદર ચાલી રહેલી આ મથામણ ભલભલાને ધ્રુજાવી દે છે. અહિં સ્પષ્ટ થાય છે કે ભગતસિંહ મૃત્યુનો સામનો કરતી વખતે જીવનને મોનોક્રોમ એટલે કે માત્ર શ્વેત-શ્યામ રંગમાં જોઈ રહ્યા છે. ગળામાં ફંદો, પગ નીચેનું પાટીયુ ખસ્યુ અને એક ક્ષણમાં જીવનનો અંત. આ નાસ્તિકતા નથી મિત્રો, આ તો નર્યો વાસ્તવવાદ છે.

ઈશ્વરના અસ્તિત્વ અથવા તો ઈશ્વરની યથાર્થતા બાબતે તેઓ લખે છે "ચંગીઝખાને માત્ર પોતાની વિકૃત મોજ ખાતર હાજારો લોકોની હત્યા કરેલી અને એટલે જ આપણે સૌ તેને ધિક્કારીએ છીએ ને ? તો પછી તમારા ઈશ્વરે જ ઘડેલા હાજારો લોકોને દરેક મીનિટે, દરેક કલાકે ઉઠાવવી પડતી યાતનાઓ બાબતે તમે શું દલીલ કરશો ? હું કહુ છું કે યાતનાઓથી ભરેલી આ દૂનિયા તેણે બનાવી જ શું કરવા ? તમે એમ કહેશો કે પાપીઓને સજા આપીને તેમને પાપમુક્ત કરવા, પરંતુ મારો પ્રશ્ન એ છે કે તમને મલમ લગાડી શકાય એ માટે તમને પહેલા ઘા આપવા એ વાત કેટલી યોગ્ય છે ?" આગળ તેઓ કહે છે કે "આ દૂનિયામાં સૌથી મોટુ પાપ જો કોઈ હોય તો તે છે ગરીબી, ગરીબી એ એક પાપ છે, એક સજા છે." આપણી ન્યાય પ્રણાલી સામે પ્રશ્ન ઉભો કરતા તેઓ એ એક પત્રમાં કહ્યું છે "ન્યાયાધિશ, ધારાસભ્ય અથવા ગુન્હાશાસ્ત્રના એ નિષ્ણાતો વિશે શું શું કહેશો જેઓએ સજા આધારીત એવી પ્રણાલી ઘડી છે જે ગરીબોને ભયંકર સજાઓ કરીને તેમને બીજા ગુન્હા કરવા પ્રેરતી હોય ?"




શાસન વ્યવસ્થા, ઈશ્વર આધારિત આપણી જીવન શૈલીને તેઓ નકારે છે એના મૂળમાં ઈશ્વર સામેનો આંધળો વિરોધ નથી, પરંતુ આ પૃથ્વી પર પ્રવર્તમાન માનવ કરૂણાઓ, પીડાઓ સામે તેમનો ભાવનાત્મક આક્રોશ છે. આજે કહેવાતા ડાબેરીઓ, તટસ્થો અને બૌદ્ધિકો માત્ર પોતાના તર્કને સાચો ઠેરવવાની લાલસા અને વાસનામાં ધર્મ અને આધ્યાત્મિકતા સામે સવાલ ઉઠાવવાને બદલે તેની હાંસી ઉડાવે છે. તમે આ લોકોની સહેજ નજીક જઈને જોશો તો સ્મજાશે કે તેમન પેટ ભરેલા છે, તેમના શરીરો પર સિલકના વસ્ત્રો શોભે છે, તેમના સંતાનો જાહોજલાલીમાં જીવી રહ્યા છે. જ્યારે ભગતસિંહનો ઈશ્વર સામેનો આક્રોશ સમગ્ર માનવજાતિ, તેની પીડાઓ અને કરૂણાઓ પ્રત્યેના તેમના સમસંવેદનમાંથી જન્મેલો હતો. મારી સૌને વિનંતી છે કે શહીદ ભગતસિંહને માન આપવાની સાથે સાથે તેમના વિચારો, સંવેદનાઓની દૂનિયામાં એક ડોકીયુ કરશો તો તેમના માટે તેનાથી મોટી શ્રદ્ધાંજલી એક પણ નથી.

**હેન્ડબ્રેક :**

"ઈશ્વર માટે અવિચારી વાણીવિલાસ ભરેલી નાસ્તિકતા કરતાં ઈશ્વર સામેનો સંવેદનસભર આક્રોશમાં વધુ આસ્તિકતા હોય છે."

- ધ.ત્રિ.

૯૯૭૮૪૦૫૯૬૭